Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN: 2321- 4708
Jan 2018, Year - 4 (57)
Paper ID: RRJ599568

# બાળ મજુરી: એક સમસ્યા

કુ. નિમિષા ડોડિયા
રીસર્ચ સ્કોલર,
સી. યુ. શાહ યુનીવર્સિટી, વઢવાણ શહેર

---

ભારત એક વિકસિત અને વિશાળ વસ્તી ધરાવતો દેશ છે. ભારતમાં આઝાદીના 65 વર્ષ બાદ પણ અનેક સમસ્યાઓ છે. આ સમસ્યાઓ પૈકી બાળમજૂરીની સમસ્યા કોઈપણ રાષ્ટ્રની અર્થવ્યવસ્થા માટે સમસ્યારૂપ છે. તે માનવતાનાં નામ પર કલંક તથા બાળકો માટે અભિશાપ છે. પરંતુ અમુક વર્ગો કે સમુહોનાં અંગત સ્વાર્થોનાં કારણે કેવળ ભારતમાં જ નહી, પરંતુ વિશ્વનાં દેશો સામે એક પડકારરૂપ સમસ્યા છે. અમેરિકાનાં એક અહેવાલ મુજબવર્ષ 1999-2000માં બાળમજૂર કાયદાનાં ઉલ્લંઘનમાં 15% થી વધારે વૃદ્ધિ થઈ છે. પરંતુ વિશ્વના દેશોમાં આ સમસ્યા અતિ ભયાનક સ્વરૂપ ધારણ કરી રહી છે. વિવિધ સંસ્થાઓ દ્વારા એકત્રીત કરેલ આંકડાઓનાં તારણ પરથી સ્પષ્ટ થાય છે કે વિશ્વનાં લગભગ બધા જ દેશોમાં બાળકો વિવિધ ઉદ્યોગો અને અન્ય કાર્યોમાં સહભાગી થયેલા જણાય છે અને તેમાં તેઓનું સતત શોષણ થાય છે.

ભારતમાં બાળમજૂરોની સમસ્યા ખૂબ ઝડપથી વધી રહી છે. ભલે તેના નિયમો નિયંત્રણ માટે કાયદાઓ હોય છતાં પણ બાળમજૂરીનો પ્રશ્ન ખૂબ જ જટીલ છે. કેવળ ભારતમાં જ નહી પરંતુ સમગ્ર વિશ્વમાં છે. આ સમસ્યા પાછળ ગરીબી નિરક્ષરતા, ઝડપી વસ્તી વૃદ્ધિ, કુટુંબનું કદ, પરંપરાગત વ્યવસાયો તથા ગ્રામીણ જીવન, કૃષિ આધારિત વ્યવસાયો જેવા વિવિધ કારણો જવાબદાર છે.

ગુજરાતમાં દિવસે-દિવસે ઔદ્યોગીક વિકાસની સાથો-સાથ મજ્યો તેમજ બાળમજૂરોની સંખ્યામાં ઉતરોતર વધારો થયો છે. ત્યારે તેની સમસ્યાઓ પણ વધી છે.

સામાજીક સમસ્યાનાં ભાગરૂપે બાળમજૂરીની સમસ્યા દેશના વિકાસમાં અવરોધરૂપ છે ત્યારે ભારત સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા સમસ્યાના સમાધાન માટે કુટુંબની આવકમાં વધારો થાય તેવા લાભદાયક વ્યવસાયોમાં બાળકો માટે રોજગારી માટેનાં


Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-4-issue-57-january-2018/RRJ599568

ISSN: 2321- 4708
Jan 2018, Year - 4 (57)
Paper ID: RRJ599568

પ્રયત્નો કરવામાં આવ્યા છે. જ્યારે બીજા સંદર્ભમાં બાળમજૂરો જીવના જોખમે મૃત્યુ પામે છે અને વિકલાંગ થાય તેવા વ્યવસાયોમાં સ્વેચ્છાથી જોડાય છે જોડી દેવામાં આવે છે તે ‘સામાજીક દૂષણ’ છે.

આખા વિશ્વમાં કામ કરતા બાળકોને સામાન્ય રીતે સ્પર્શે તેવા કાર્યક્રમો જેવા કે શિક્ષણ અને પ્રશ્નોના વ્યાવહારિક ઉકેલ માટે શાળાકીય સગવડો બાળકોનાં શારીક માનસિક અને સામાજીક વિકાસનાં કાર્યક્રમો, બાળકોના વાલીઓનો દ્રષ્ટિકોણ બદલવો વગેરે કાર્યક્રમો તેમજ સંકલિત બાળવિકાસ યોજનાઓ અમલીકરણ કરવામાં આવી, તેમજ વિવિધ પ્રકારની તાલીમ આપી વ્યવસાયલક્ષી રોજગારી પુરી પાડવાના સહેતુસર બાળમજૂરોનાં વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. વૈશ્વિક મંદી, શહેરીકરણ તેમજ વધતા-જતા ઔધોગીકરણને કારણે આ સમસ્યા દિન-પ્રતિદિન વધતી રહે છે. દિન-પ્રતિદિન વર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારીનાં કારણે ગુજરાન ચલાવવું એ પણ મુશ્કેલ બનતું જાય છે. ત્યારે બાળમજૂરીની સમસ્યા વધારે અભાવ જટીલ બનતી જાય છે. અસહ્ય ગરીબી લાભદાયક રોજગારીની તકો અને વચગાળાની આવનાં અને નીચું જીવનધોરણ બાળમજૂરીના એક કારણ તરીકે સર્વત્ર જોવા મળે છે. સંગઠીત ક્ષેત્રનાં બાળમજૂરો શોધી કાઢવા સરળ છે. પણ તેનાથી સમગ્ર ચિત્ર મળતુ નથી. બાળમજૂરી અસંગઠીત ક્ષેત્રો પર મોટા પાયા પર છે. જેના પર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. આ પ્રશ્ન સાર્વત્રિક છે. પરંતુ આપણે ત્યાં બહુ જ જોખમી છે. લગભગ ભારત દેશના તમામ રાજ્યોમાં આ સમસ્યા જોવા મળે છે. ઉતમ અને મજબૂત રાષ્ટ્રનાં નિર્માણ માટે આજનું બાળક એ આવતીકાલનું નાગરિક છે. દેશનાં કે રાજ્યનાં કે કોઈ તાલુકાનાં વિકાસ માટે બુદ્ધિશાળી વર્ગની જરૂર પડતી હોય છે. ત્યારે બાળકો દેશનાં વિકાસ માટે અમૂલ્ય છે ત્યારે બાળમજૂરીની સમસ્યા દૂર કરવા સરકાર દ્વારા બાળકોનાં વિકાસ માટે કાર્યક્રમો હાથ ધરવા જોઈએ તે ઈચ્છનીય છે. ભારતનાં બંધારણમાં જે કેટલીક મૂળભૂત બાબતો રહેલી છે તેમાં સંવિધાનનાં હકક મુજબ 14 વર્ષ સુધીનાં દરેક બાળકને શિક્ષણ પ્રાપ્ત થાય અને યોગ્ય અવસર મળે તેવી જોગવાઈ છે. આ પરિસ્થિતિનો વિચાર કરતા એક ઉપખંડ જેટલી માનવવસ્તી ધરાવતા આ દેશમાં બાળકોનાં શિક્ષણથી માંડીને એમની યોગ્ય કેળવણી અને

તાલીમનાં પ્રશ્નો દિવસે ને દિવસે ગંભીર બનતા જાય છે. ગુજરાતમાં બાળકોના શિક્ષણની સ્થિતિ અને વ્યવસ્થા સામાન્ય હોવા છતાં આ બાળકો દિન-પ્રતિદિન બાળમજૂરીનો ભોગ બની રહ્યા છે ત્યાં સામાન્ય રીતે વિચાર કરીએ તો આપણને ખ્યાલ આવશે કે ત્યાં આ દરેક સ્થિતિ આજે અત્યંત નિમ્ન કક્ષાની છે. ભારતની અંદર જે કોઈ અસંગઠીત શ્રમક્ષેત્રો છે. જેમાં સ્ત્રીઓથી વધારે સમય સાથે, કામ કરનારા બાળકો છે. સામાન્ય રીતે આ ક્ષેત્રમાં કામ કરનારા લોકો મોટાભાગે ગરીબ- પછાત પરિવારમાંથી આવતા હોય છે. પરંતુ બાળમજૂરીનાં સંદર્ભે વિચાર કરીએ તો આ સ્થિતિનો ભોગ બનતા લોકોમાં મધ્યમવર્ગીય પરિવાર પણ છે. આ બાળમજૂરીનાં ક્ષેત્રે કામ કરતા મોટાભાગનાં બાળકો ઘરની આર્થિક સ્થિતિને પહોંચી વળવા માટેમજૂરીએજતાં હોય છે.

બાળમજૂરીની દિશામાં ચોકકસ પગલા ભરવા માટે કાયદા દ્વારા બાળકોને મળતા રક્ષણ અને શિક્ષણનાં અધિકારોની, સાચી સમજ કેળવવાની જવાબદારી જે આપણા સૌની હોય તો તે દિશામાં વાસ્તવિક સંશોધન કરી ભારતભરમાં ચાલી રહેલી બાળમજૂરીની પ્રવૃતિ અંગે જનસમાજને ઢંઢોળવાનું કામ જ્યાં સુધી આપણા દ્વારા સાકાર ન થાય ત્યાં સુધી બાળમજૂરી કરનારા પરત્વે આપાણી સંવેદના હશે તો પણ એમની સ્થિતિમાં સાચો સુધારો થવાની શકયતા નહિવત, જેવી ગણાશે. બાળમજૂરી સમાજનું સૌથી મોટુ દુષણ અને સૌથી મોટો વિકટ પ્રશ્ન વિશ્વ સમક્ષ અને ખાસ કરીને ભારત દેશ માટે ઉપસ્થિત થઈ એક વિકટ સ્વરૂપ ધારણ કરી લીધું છે ત્યારે બાળમજૂરીનાં દૂષણને દેશ નાબૂદ કરવું શકય નથી જ પરંતુ આ બાળમજૂરીનું પ્રમાણ ઘટાડી શકાય, ગરીબ કુટુંબની આર્થિક સ્થિતિ અતિ નબળી હોય ત્યારે બાળમજૂરી કે કંપાળમજૂરનો જન્મ થાય છે. આમ આ રીતે બાળમજુરનો જન્મ થવાથી માતા-પિતા પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરવા પોતાનાં બાળકને શાળાએ મોકલવા ને બદલે કારખાનાઓ, ચાની લારીઓ, અનાજ-કિરાણાની દુકાનો, બુટ પોલીસ, ખેતમજૂરી તેમજ વિવિધ પ્રકારનાં વ્યવસાયોમાં મજૂરીએ મોકલે છે. પરિણામે બાળકનો વિકાસ થવાને બદલે બાળક માત્ર મજૂર બનીને રહે છે.

ભારતીય બંધારાણમાં બાળમજૂરી નાબુદ કરવા માટે 1996માં બાળમજૂરી નિયંત્રણ અને નિયમનનાં કાયદાની જોગવાઈ કરવામાં આવેલ હોવા છતાં બાળકોને મજૂરી તરફ

જતાં રોકવામાં સફળતા મળી શકી નથી. ભારત રરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરનામા મુજબ ભારતભરમાં 126.78 લાખ બાળમજૂરો હતા. હાલની સ્થિતિમાં વિવિધ કાયદાઓની સખ્ત અમલવારી થવાથી મહદઅંશે બાળમજૂરીમાં ઘટાડો થવા પામેલ છે. ભારતની જે હાલની સામાજીક અને આર્થિક વ્યવસ્થા છે તે વ્યવસ્થા પ્રમાણે બાળમજૂરી નાબૂદ કરવી કે ઘટાડવી લગભગ શકય જ નથી પણ આ બાળમજૂરી અટકાવવી તો પડશે જ બાળવયમાં મજૂરીએ જતા બાળકો ક્યારેય પણ તંદુરસ્ત સમાજ કે રાષ્ટ્રનું નિર્માણ ન કરી શકે શિક્ષાગનાં અભાવે તે બાળક તેનો પોતાનો કે અન્યનો વિકાસ કરી ઉતમ કે મધ્યમ જીંદગી જીવવાની ક્યારેય આશા સેવી શકતા નથી. પરિણામે તેને આ જીવન ગરીબીમાં પસાર કયસિવાય વિકલ્પ જ નથી. પરંતુ જે બાળક જ્યાં મજૂરી અર્થે જાય છે. તે એકમનાં માલિકો આ બાળમજૂરોને યોગ્ય વળતર તેમજ બાળમરનાં આરોગ્ય, શિક્ષણ તથા તેના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખે તો તે બાળમજૂર આર્થિક-સામાજીક તેમજ બૌદ્ધિક વિકાસની સફળતા પ્રાપ્ત કરી શકવામાં સફળ બની શકે.

કોઈપણ દેશ સમાજ કે રાષ્ટ્રનાં વિકાસનાં પાયામાં બાળકોરહેલા છે. આ બાળવિકાસની પ્રક્રિયા જ્યાં મંદ પડી છે તે એટલે કે બાળમજૂર જ્યાંથી આવે છે તે શહેરી-ગ્રામીણ વિસ્તારો, અંતરિયાળ વિસ્તારો, જંગલ કે નેસ વિસ્તારો, પછાત વર્ગો, બાળમજૂરો માટે જ્ઞાતિપ્રથા સ્ત્રી-પુરુષમાં ભેદ ઉપરાંત સામાજીક કારણો જવાબદાર છે. તેમજ 90% થી વધારે બાળમજૂર અસ્પૃશ્ય જાતિઓ અને અનુસૂચિત જનજાતિમાંથી આવતા હોય છે. ભારતીય બંધારણમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ નાગરિકનાં મૂળભૂત અધિકારી હેઠળ કલમ 24 24 મુજબ 14 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને મજૂરીએ રાખી શકાતા નથી. તેમજ કલમ 45 મુજબ 14 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને મફત તેમજ ફરજીયાત શિક્ષણ આપવાની જોગવાઈ છે તેમજ જુવેનાઈલ જસ્ટીસ એકટ અનુસાર રખડતા-ભટકતા, નિરાધાર. અને માતા-પિતા વગરનાં બાળકોને રક્ષણ પુરુ પાડવા તે બાળકોને સ્થાપિત કરવા તેમજ બાળ-ગુનેગારોને પણ સ્વચ્છ-સુઘડ તેમજ સ્વમાન સાથે જીંદગી જીવવાની સમાન તક મળી રહે તે માટેની જોગવાઇઓ કરવામાં આવેલ છે તેમજ બાળકો સાથે કરવામાં આવેલ અયોગ્ય તેમજ શોષણયુકત વ્યવહાર કરવા બદલ કડક

સજાની પણ જોગવાઈ ક્વી કેબીડી સિગારેટ કામદારીની કાયદો, યોગ્ય વેતન ચૂકવણીની કાયદો, ઔદ્યોગીક વિવાદનો કાયદો, માલીકની જવાબદારીનો કાયદો વગેરે કાનુની જોગવાઈ મુજબ બાળકો તેમજ બાળમજૂરોને સંપૂર્ણ રક્ષણ પુરુ માડવામાં આવેલ છે, બાળકને યોગ્ય સમયે શિક્ષણ ન મળવાને કારણે તેમજ પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે બાળક મજૂરી તરફ આકર્ષાય છે અને આ મજૂરી કરવા જતાં સારા- નરસા લોકો સાથે સંગત આવતા દારૂ-જુગાર, સટ્ટો તેમજ માલિકનાં શોષણ કે ત્રાસ સબબ બદલો લેવાની ભાવના ચોરી-શિકાર સહેલાઈથી દરેક વસ્તુ પ્રાપ્ત કરવી તેમજ તેમાં મોજશોખ પુરા કરવા માટે ગુનાખોર માનસિકતા ધરાવતા બાળમજૂરો સમાજ વિરોધી કાર્યકરતા પણ ખચકાટ કે ક્ષોભ અનુભવતો નથી,

સમકાલીન ભારતીય સમાજમાં બાળમજૂરોની સમસ્યા પણ અત્યંત જટીલ સામાજીક સમસ્યા છે. દુ:ખનો વિષય છે કે સ્વતંત્રતા પ્રાપ્તિના લગભગ 60 વર્ષ પછી પણ દેશની ભાવિ પેઢી પણ બાળમજૂરીનાં રૂપમાં શોષણનો ભોગ બને છે. બાળમજૂરો પોતાની અલ્પ આયુમાં રોજગારની ખતરનાક પરિસ્થિતિઓનું જોખમ સહન કરે છે. કલાકોનાં કલાકો કામ કર્યા પછી પણ તેને માત્ર ઓછુ વેતન મળે છે. અભ્યાસ છોડવાની મજબૂરીથી બાળમજૂરો પોતાની ઉમરથી વધારે જવાબદારી નિભાવવી પડે છે. તે ઉમરમાં દુનિયાદારી બની જાય છે. જેમકે તેની ઉંમરનાં સમવયસ્ક બાળકોને પોતાના માતા-પિતાનું સુરક્ષા કવચ છોડવાનું બાકી છે. તે ક્યારેય જાણી નહી શકે કે બાળપણ શું છે? ભારતીય સંવિધાનમાં કરવામાં આવ્યું છે કે 14 વર્ષ સુધીના બાળકોને કોઈપણ ફેક્ટરીમાં કામ માટે અને કોઈપણ જોખમવાળા રોજગારમાં રાખવા નહી. બાલ્યાવસ્થા અથવા કિશોરાવસ્થામાં નૈતિક તથા ભૌતિક તેમજ શારીરિક શોષણથી રક્ષણ આપવામાં આવશે તથા જ્યાં સુધી તે 14 વર્ષ ઉંમર પુરી ન કરી લે ત્યાં સુધી તેને રાજ્ય દ્વારા ફરજીયાત અને મફત શિક્ષણ પુરુ પાડવામાં આવશે. નાની ઉંમરમાં બાળકોને જો કામ ઉપર લગાવવામાં આવે તો બાળમજૂરીની સમસ્યા ઉભી થાય છે. બાળકોનાં રોજગારમાં જોડાવવાથી મજૂરોની પારિવારિક આવકમાં વૃદ્ધિ થાય છે. નાની ઉમરમાં તેને કામ કરવા માટે તૈયાર કરવામાં આવે છે. તેનાથી તેના રોજગાર સંબંધિત અનેક સમસ્યાઓ ઉભી

થાય છે. નાની ઉંમરનાં બાળકોને રોજગાર આપવા ઔદ્યોગીક પ્રગતિ સાથે વધારે પ્રોત્સાહન આપવામાં આવ્યું. માલિકોની તે પ્રવૃતિ ધીરે ધીરે બળવાન બનતી ગઈ અને ઉત્પાદન લાભ વધતુ મળતો ગયો. તે પ્રવૃતિથી વધારે બાળકોને નોકરી પર રાખવા લાગ્યા. પ્રારંભમાં બાળકોને કઠિન પરિસ્થિતિમાં કામ કરવું પડતું હતું. ઔદ્યોગીક પ્રગતિની સાથે બાળકોની રોજગારીમાં વૃદ્ધિ થતી ગઈ. કામ કરવાની દશાઓમાં વધારે નબળાઈઓને કારણે તેના રોજગાર પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો. બાળમજૂરોની મજૂરોને છે તેમની ઓછી ઉમર તથા કામના કલાકો વગેરે નિર્ધારિત કરવામાં આવ્યા. આજકાલ બાળકોનાં વ્યવસાય વિષયમાં ઘણા મતભેદો છે. ઉદારવાદી લોકોનું મંતવ્ય છે કે બાળમજૂરી હોવી જ જોઈએ તથા જે ઉદ્યોગમાં બાળકોને રોજગાર આપવાનું ઉચિત ગણાય તે જગ્યા પર અથવા ત્યાં તેના વિકાસ માટે તમામ પ્રકારના અવસર ઉપલબ્ધ થાય બાળમજૂરોનાં શારીરિક તથા માનસિક વિકાસ માટે પુરી તક આપવી જોઈએ.